પ્રાથમિક શાળાઓના ઉપલા ધોરણમાં વિષય
શિક્ષકો મૂકવા બાબત..

---

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૩૯૦-ચા.સ.૨૦૬-ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭-૪-૧૯૯૪

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૨૨-૧૦-૭૦નો ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૩૬૫-૪૯૪૪૭-ક

(૨) શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૧૫-૨-૭૩નો ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૩૬૫-૩૭૩૩-ક

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૯-૭-૮૯નો સંકલિત ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૩૮૯-૧૭૨૮-ક

(૪) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો તા.૧-૧૧-૯૩નો પત્ર ક્રમાંક:૨૯/પનસ/૧/૯૩/૭/ગુજ/૨૦૯૩૫.

ઠરાવ

પ્રાથમિક શાળાઓના ઉપલા ધોરણમાં શિવણ જેવા વિશિષ્ટ વિષયો વધુ સારી રીતે શીખવી શકાય તે હેતુથી તે વિષયની ખાસ તાલીમી શિક્ષકોની ભરતી કરવા અને તેની લાયકાતો ઉપર જણાવેલ ઠરાવોથી નક્કી કરવામાં આવેલ છે. પ્રાથમિક શિક્ષકોની જે જગાઓ પુરવામાં આવે તે જગાઓની એટલે કે નવી ભરતીના ૧૫ ટકા વિષય શિક્ષકો ચિત્ર, વ્યાયામ, સંગીત, શિવણ અને સી.પી.એડ.ના ખાસ વિષયના ખાસ તાલીમી વિષય શિક્ષકોની ભરતી કરવા ભલામણ કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે હવે શિવણના વિષય શિક્ષકની જરુરીયાત નહીં જણાતાં, ઉક્ત શિવણ વિષયના વિષય શિક્ષકની ભરતી નહીં કરવા આથી ઠરાવવામાં આવે છે અને હવેથી ૧૦ ટકા વિષય શિક્ષકની (૫ટકા સી.પી.એડ.સિવાય)ભરતીમાં ઘટાડો કરી હવેથી ૭ ટકાની વિષય શિક્ષકની ભરતી કરવા આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

:ના.ઓ.સાધુ:
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
માન.શિક્ષણ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)ના અંગત સચિવશ્રી
માન.સંસદીય સચિવશ્રી(શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
વિકાસ કમિશનરશ્રી, ગાંધીનગર.
સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ/
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/સર્વે શાસનાધિકારીશ્રીઓ, ન.પ્રા.શિ.સ.ઓ
એક્ઝામીનર લોકલ ફંડ એકાઉન્ટસ, અમદાવાદ
શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
સિલેકટ ફાઈલ ક-શાખા, શિક્ષણ વિભા